# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, બ્લોક નં.૧૨ પહેલો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર.

## જિલ્લા શિક્ષણ સમિતિ/ નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં સ્પેશીયલ એજ્યુકેટર વર્ગ-૩ (ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ / ગુજરાતી માધ્યમ)ની ભરતી અંગેની જાહેરાત વર્ષ:૨૦૨૪

જિલ્લા શિક્ષણ સમિતિ/ નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં સ્પેશીયલ એજ્યુકેટર વર્ગ-૩ (ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ / ગુજરાતી માધ્યમ) માટે જિલ્લા/ નગર શિક્ષણ સમિતિ તરફથી મળેલ ખાલી જગ્યાઓની સામે સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ જગ્યાઓના સંદર્ભમાં સપ્રમાણ વહેંચણી આધારે મળેલ માંગણી પત્રક મુજબ નીચે દર્શાવેલ જગ્યાઓ (અનામત કક્ષા સહિત) મેરીટના ધોરણે ભરવા મેરીટ યાદી તૈયાર કરવા માટે શિક્ષણ વિભાગના તા.૧૭/૦૨/૨૦૨૩ ના જાહેરનામા તથા સરકારશ્રી દ્વારા વખતો વખત નિયત કરેલ શૈક્ષણિક તેમજ તાલીમી લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક:G/SH/૪૯/PRE/૧૪૨૦૨૩/૧૭૦/N, તા.૨૩/૧૧/૨૦૨૩ના પસંદગી પ્રક્રિયાના નિયમોની જોગવાઈ  અન્વયે નિયત નમૂનામાં ઓન-લાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

| જાહેરાત ક્રમ | ભરતીનો પ્રકાર | માધ્યમ | વિભાગ | સામાન્ય (Gen.) | અ.જાતિ (SC) | અ.જ.જાતિ (ST) | સા.શૈ.પ.વર્ગ (SEBC) | આર્થિક નબળા વર્ગ (EWS) | કુલ | કુલ જગ્યા પૈકી જિલ્લાના રોસ્ટર રજિસ્ટર મુજબ ૪% શારીરિક અશક્તતા ધરાવતા (PH) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧/૨૦૨૪ | સ્પેશીયલ એજ્યુકેટર વર્ગ-૩ | ગુજરાતી | ધોરણ ૧ થી ૫ | ૯૫૦ | ૧૨૨ | ૧૯૯ | ૪૨૫ | ૧૬૫ | ૧૮૬૧ | ૬૯ |
| ૨/૨૦૨૪ | | | ધોરણ ૬ થી ૮ | ૫૯૨ | ૬૫ | ૧૨૭ | ૨૬૫ | ૯૦ | ૧૧૩૯ | ૪૦ |

જાહેરાતમાં દર્શાવેલ અનામત વર્ગ અને શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોની જગ્યાઓ જે તે જિલ્લા/ નગર શિક્ષણ સમિતિના રોસ્ટર ક્રમાંક/ માંગણાપત્રક આધારે દર્શાવેલ છે.

(૧) ભરતી અંગેનું ઓન-લાઈન અરજી પત્રક વેબસાઈટ http://vsb.dpegujarat.in ઉપર તા.૧૯/૦૨/૨૦૨૪ સવારના ૧૧:૦૦ કલાકથી તા.૨૮/૦૨/૨૦૨૪ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાક સુધી ભરી શકાશે.

(૨) જિલ્લા/ નગર શિક્ષણ સમિતિની કેટેગરીવાર, મહિલા અને માજી સૈનિક સહિત ભરવાપાત્ર જગ્યાઓની વિગત, શૈક્ષણિક લાયકાત, પગાર-ધોરણ, વયમર્યાદા, વયમર્યાદામાં છુટછાટ, પસંદગી પ્રક્રિયાના નિયમો, સ્વીકાર કેન્દ્રોની યાદી, ઓનલાઈન અરજીપત્ર ભરવા માટેની સુચનાઓ અને સામાન્ય સુચનાઓ તેમજ ભરતી સંદર્ભે જરૂરી તમામ ઠરાવો/ પરિપત્રો ઉપરોક્ત વેબસાઈટ પર ઉપલબ્ધ છે. તેનો કાળજીપૂર્વક અભ્યાસ કરીને જ અરજી કરવાની રહેશે.

(૩) સ્વીકાર કેન્દ્રમાં અરજીપત્ર જમા કરાવવાની છેલ્લી તા.૨૮/૦૨/૨૦૨૪ (૧૭.૦૦ કલાક સુધી) છે.

તા.૧૫/૦૨/૨૦૨૪
સ્થળ:-ગાંધીનગર

ડૉ. એમ.આઈ .જોષી
અધ્યક્ષ
ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ અને
પ્રાથમિક શિક્ષણ નિયામક,
ગુજરાત રાજ્ય ગાંધીનગર.